સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'શરીફ' ગોઘરામાં આવીને સભા ભરે તો?
ને પોતાના દેશ માટે ઉઘરાણું કરે તો?
એનઆરઆઇ સ્થાનિકોથી જુદા તરે તો?
આમ ઝેર વાવીને ખૂદનો સ્વાર્થ ચરે તો?

હાઈકુ

બાર વરસે,
પંચનો બાવો બોલ્યો!
લ્યો! કલીનચીટ..
(બનાવટી તપાસ પંચો)

બગી નાની ને,
જોડ્યાં જોતરાં જાજાં -
ઘોડા બેકાબૂ!!
(લગામ હાથમાં રે'સે?)

ચિંતન

મક્ષિકા વ્રણ મિચ્છન્તિ ધન મિચ્છન્તિ પાર્થિવઃ ।
નીચાઃ કલહ મિચ્છન્તિ શાંતિ મિચ્છન્તિ સાધવાઃ ॥

આ શ્લોક - સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા પ્રકરણમાંથી લેવામાં આવ્યો છે :

માખીઓનો સ્વભાવ છે કે શરીર પર પડેલાં ઘાવના ચાંદા - ચાટવા માટે તેની શોધમાં જ ઇચ્છતી હોય છે. જ્યારે રાજા દરેક બાબતે-પ્રસંગે કઇ કઇ બાબતો પર કર નાખી શકાય એવી ઇચ્છતામાં જ તેમની નજર દોડતી હોય છે અર્થાત તેની તૃષ્ણા ધન પ્રાપ્તિની જ હોય છે. જ્યારે નીચ-દુર્જન-લુચ્ચાં લોકો - જ્યાં પણ સંપ-સુખ-શાંતિ હોય ત્યાં કલહ કેમ થાય - લોકોમાં વિખવાદ કેમ વધે એવું જ ઇચ્છતા હોય છે અને એવા જ પ્રયત્ન કરતા રહે છે.

પરંતુ સંત-સજ્જન લોકો પરસ્પર પ્રેમ કેમ વધે - શાંતિ કેમ થાય એવી જ ઇચ્છા રાખતા હોય છે. સંસ્કૃત શુભાષિત પ્રમાણે 'સર્વ જન સુખાય' સર્વે જન સુખી - તંદુરસ્ત-નિરામય રહે તેવી વાંછના પ્રાર્થના કરતા હોય છે.

દુષ્ટ અને નકારાત્મક દૃષ્ટિવાળા હમેશાં ખરાબ જ વિચારતા હોય છે. સ્વાર્થવૃત્તિ તેમની કેન્દ્રિત પ્રવૃત્તિ હોય છે. એમની શાંતિ-પ્રેમ-સદ્‌ભાવ ગમતો નથી. વૃત્તિ પ્રમાણે જ પ્રવૃત્તિ હોય છે.

સુવિચાર

- ત્યાગ એ જ એક પ્રશંસા યોગ્ય ગુણ છે, ત્યાગને લીધે જ પશુ, પથ્થર કે વૃક્ષો આ દુનિયામાં પૂજાય છે - હરીભાઇ કોઠારી
- જેના હૃદયમાં પરોપકારની ભાવના છે એને મુશ્કેલી પડવાની શક્યતા નહીવત છે - ચાણક્ય
- આપણું જીવન એક મેરેથોન દોડ જેવું છે, એ દોડમાં કોણ કેવી રીતે કેટલી ઝડપથી દોડવાનું શરૂ કર્યું એ મહત્ત્વનું નથી, પરંતુ છેલ્લે સુધી કોણ ટકી રહ્યું અને ધ્યેય સુધી ક્યારે પહોંચ્યું એ મહત્ત્વનું છે - એસ. ભટ્ટાચાર્ય
- તમારી પ્રામાણિક અભિવ્યક્તિ બે પ્રકારની વ્યક્તિને ખૂંચે છે, જે દંભી હોય તેને અને જે દોષિ હોય તેને, દંભી ને એ ગમે નહીં, અને દોષી એને સ્વીકારી ન શકે - રમણ મહર્ષિ
- બે માણસોની વચ્ચે પરિચય છે કેટલો? પથ્થરની સાથે કાચનાં સંબંધ જેટલો - રમેશ પારેખ
- અપેક્ષાઓ દીવાસળી જેવી છે, તે દીવો પણ પ્રગટાવી શકે અને આગ પણ લગાડી શકે.. નક્કી તમારે કરવાનું છે - હંસલ ભચેચ
- જીવનમાં દુઃખ અનિવાર્ય છે, દુઃખી થવું અનિવાર્ય નથી - શાહબુદ્દીન રાઠોડ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માણસને જે મળ્યું છે એમાં સંતોષ નથી હજુ વધારે મેળવવાની વૃત્તિમાં દુઃખી હેરાન થાય છે પરંતુ એમની ઇચ્છા અંતે તો સુખ-સગવડ અને શાંતિ પ્રાપ્ત કરવાની જ હોય છે પણ અંસતોષ તેમને ચાબખા મારી દોડાવે છે.

ઇરાનમાં દાઉદ નામનો વેપારી ઊંટનો વેપાર કરતો હતો. ૮૦-૧૦૦ જેટલા તેની પાસે હતા અને ત્રીસ-ચાલીસ જેટલા ચાકર ઊંટની સંભાળ, લે-વેંચ કરતા. દાઉદ તો જાતે ધર્મધ્યાનમાં જ પ્રવૃત્ત હતો. એકવાર તેનો બેટો નાનપણના મિત્ર સાહી સાથે થઇ ગયો. જમવાનું નિમંત્રણ આપ્યું. એકમેકના વેપારની વાત નિકળી.

સાહી, કહે મિત્ર! તું તો સ્થાનિકે ઊંટ વેંચી આરામની જિંદગી જીવે છે. મારે પણ તારી જેમ ધર્મ-ધ્યાનમાં જ જીવન પસાર કરવું છે પણ આ વેપાર થોડો વિસ્તાર્યો છે અને મારે દેશ-પરદેશ જવું પડે છે બસ થોડું કમાઇ લઉં પછી આરામ જ કરવો છે.

દાઉદે કહ્યું, પણ તારો વેપાર શેનો છે?

સાહીએ કહ્યું, એમ સમજને કે સબ બંદર કા વેપારી - જો ઇરાદનથી સલ્ફર લઇ ચીન જઇશ. ત્યાંથી ફ્લાવર વાઝ લઇ ભારત, ત્યાંથી લોખંડ-પોલાદ લઇ ટર્કી ને ત્યાંથી કાચનો સમાન લઇ યેમેન જઇશ. યમનથી મશરૂ કાપડ લઇ પાછો ઇરાન આવી કાપડ વેંચીશ. બસ પછી શાંતિથી બેસી રહેવું છે.

દાઉદે મિત્રની વાત સાંભળી એની શાંતિની શોધ માટે મનમાં ખુબ જ હસવું આવ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

કોણાર્કનું આ મંદિર આખા સૂર્ય વિજ્ઞાન ઉપર આધારિત બનાવવામાં આવ્યું છે

ભારત એક ધાર્મિક પરંપરા ધરાવતો દેશ છે. પુરાણકાળથી અત્યાર સુધી આ ભરતખંડમાં વિવિધ ધર્મોના લોકો વસવાટ કરતા રહ્યા છે. એનું કારણ છે અહીંની ધાર્મિકતા, સંસ્કારિતા... ભારતની બીજી પણ એક ખાસ ઓળખ છે અને એ છે મંદિરોની. ભારત મંદિરોનો દેશ છે. આ દેશમાં એકપણ શહેર કે ગામડું એવું નહીં હોય જેમાં મંદિર ન હોય. ભારતીય મંદિરોનો પણ એક આગવો ઈતિહાસ છે. દરેક ધર્મમાં સંપ્રદાયોના મંદિરો વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પરંતુ આજે અહીં જે મંદિરોની વાત કરવી છે તે જરા જુદા મંદિરો છે 'સૂર્યના મંદિર'

સૂર્યનો મહિમા વેદકાલીન વખતથી આજ સુધી એટલો જ પ્રભાવી રહ્યો છે. સૂર્ય પૂજા-સૂર્ય નમસ્કાર આજે પણ લોકો કરે છે. સૂર્ય ચિકિત્સા પણ પ્રચલિત છે અને હવે તો સૂર્યશક્તિ જીવન ઉપયોગી સાધન-સામગ્રીમાં પણ વપરાય છે. ટૂંકમાં સૂર્ય ઊર્જાનું એક આગવું મહત્વ આપણે હવે સ્વીકારતા થયા છીએ. પરંતુ હજારો વર્ષ પહેલા સૂર્યશક્તિનું ખૂબ જ મહત્વ હતું એની ઊર્જાનો ઉપયોગ રાજા-મહારાજાઓ વિવિધ રૂપે કરતા હતા અને એના પ્રચાર-પ્રસાર માટે સૂર્યમંદિરો પણ બનાવવામાં આવતા હતા. આ રીતે દેશના જુદા જુદા રાજ્યોમાં સૂર્ય મંદિરો મળી આવે છે. એમાંથી કેટલાંક તો આઠમી સદીમાં બંધાયેલા છે. આ બધા મંદિરોમાં એક વસ્તુ સામાન્ય છે કે દરેક મંદિરમાં શિલ્પ અને સ્થાપત્યની ઉત્તમ કામગીરી જોવા મળે છે. કેટલાક મુખ્ય અને પ્રસિદ્ધ સૂર્યમંદિરો વિશે આપણે જોઈએ તો-

(૧) કોણાર્કનું સૂર્યમંદિર :

ઓડિશા રાજ્યના જગન્નાથ પુરી-ભુવનેશ્વર પાસે આવેલું આ સૂર્યમંદિર ભારતનું સૌથી પ્રસિદ્ધ અને વિશાળ મંદિર છે. જેનું નિર્માણ ૧૩મી સદીમાં થયેલું છે. શિલ્પ અને સ્થાપત્યની ઉત્કૃષ્ટ કલા અહીં પથ્થરોમાં કંડારાયેલી છે. મજબૂત પથ્થરોની વિશાળ દિવાલો અને સ્તંભોમાં અંકિત મૂર્તિઓ નૃત્ય-સંગીત અને સૂરની અનુભૂતિ કરાવે છે. કોણાર્કનું આ મંદિર આખા સૂર્ય વિજ્ઞાન ઉપર આધારિત બનાવવામાં આવ્યું છે. મુખ્ય દ્વાર સૂર્યોદય (પૂર્વ) તરફ છે. જેથી ઊગતા સૂર્યનું પ્રથમ જ કિરણ આ મંદિરની મૂર્તિ પર પડે પરંતુ એવું કહેવાય છે કે આ મૂર્તિને પૂર્તગાલી નાવિકોએ હટાવી દીધી હતી. હવે માત્ર સભામંડપ અને નટમંદિર જ બાકી રહ્યા છે. આ મંદિરની રચના દિવસની ૨૪ કલાક સપ્તાહના દિવસો, મહિનો અને વર્ષ... આદિનું જ્ઞાન મળે એ રીતે કરવામાં આવી છે. અહીં સૂર્યદેવતા સાત ઘોડાવાળો રથ ચલાવી રહ્યા છે. જે સપ્તાહના સાત દિવસ તથા સૂર્યના કિરણોના સાત રંગને સૂચિત કરે છે. આ સૂર્યરથની બંને બાજુ ૧૨-૧૨ વિશાળ પૈડાં (ચક્ર) છે. જે દિવસના ૨૪ કલાક તથા એક પૈડું (ચક્ર) એક પખવાડિયાના હિસાબે ૨૪ પૈડાં (ચક્ર) ૧૨ મહિનાનું પણ સૂચન કરે છે.



મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

કલાનો દસ્તાવેજ : સૂર્યમંદિર

કોણાર્કનો અર્થ થાય છે કોણ + અર્ક = ખૂણો + સૂર્ય = સૂર્યના ખૂણાનું મંદિર. આ મંદિરની પરિકલ્પના ગંગવંશના શાસક રાજા નૃસિંહ દેવે કરી હતી. આ મંદિરનું વિસ્તૃત વર્ણન 'અબુલફજલ'ની 'આઈને અકબરી'માં મળી રહે છે. આ સૂર્યમંદિર જીવનમાં એક વખત જોવા જેવું છે. રતિ-શૃંગારિક શિલ્પોની અદ્‌ભૂત કલા કારીગરી અને કાવ્યાત્મક કલ્પનાનો શૃંગારિક વૈભવ અહીંના પથ્થરોમાં કોતરાયેલો પડ્યો છે. જેમાં સમસ્ત સંસારની ઉત્પત્તિના રહસ્યો સચવાયેલા જોવા મળે છે. અહીંથી વિશાળતા-ભવ્યતા ઊડીને આંખે વળગે એવી છે.

(૨) દક્ષિણાર્ક સૂર્યમંદિર :

સોનનદીના કાંઠા પર આવેલું સૂર્યદેવનું આ પ્રાચીન અને પ્રસિદ્ધ મંદિર બિહાર રાજ્યના 'ગયા'માં આવેલું છે. આ મંદિરનું નિર્માણ પણ ૧૩મી સદીમાં થયું હતું. અહીં ભગવાન સૂર્યદેવની મૂર્તિ ગ્રેનાઈટ પથ્થરની બનાવીને પ્રસ્થાપિત કરવામાં આવી છે જેમાં ઈરાની શિલ્પકલા જોવા મળે છે. આ મૂર્તિમાં સૂર્યદેવને કવચ, કટિબંધ અને ઊંચા ચપ્પલ પહેરેલ બતાવવામાં આવ્યા છે. કહેવાય છે કે આ મંદિરનું નિર્માણ વારંગલના શાસક પ્રતાપ રૂદ્રએ કર્યું હતું. આ મંદિરની બાજુમાં પ્રસિદ્ધ દેવસ્થાન 'વિષ્ણુપાદ મંદિર' આવેલું છે. આ સૂર્યમંદિરની પૂર્વમાં એક સૂર્યકુંડ છે. જ્યાં શ્રદ્ધાળુઓ અહીંના પવિત્રજળમાં ડૂબકી લગાવીને પાપ મુક્ત થયાનો આનંદ લે છે. આ ગયામાં જ ઉતરાર્ક તથા ગયાદિત્ય સૂર્યમંદિર પણ આવેલા છે. પરંતુ તેમનો મહિમા આ દક્ષિણાર્ક સૂર્યમંદિર જેવો નથી અને બહુ પ્રસિદ્ધ પણ નથી.

(૩) સૂર્યનાર મંદિર :

તમિલનાડુના કુંભકોણમ સ્થિત આ અતિપ્રાચીન મંદિર છે. જેમાં દ્રવિડ સંસ્કૃતિના શિલ્પ-સ્થાપત્યની ઝાંકી થાય છે. અહીંયા સૂર્યકાશી વિશ્વનાથ તથા વિશાલાક્ષી ઉપરાંત બીજા આઠ આકાશી પિંડોની પણ પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે આ મંદિરનું નિર્માણ આઠ સો વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું. આ મંદિર અદ્‌ભુત અને આકર્ષક રીતે આજે પણ દેશ્યમાન થાય છે.

(૪) સૂર્યપહર મંદિર :

ભારતમાં સૂર્ય સૌથી પહેલો ઉગે છે. એવી ઐતિહાસિક કામરૂપ પ્રદેશની (અસમ) ભૂમિ પર સ્થિત ગોલપાડાની સૂર્યપહર પર્વતોની વચ્ચે આ પ્રસિદ્ધ મંદિર આવેલું છે. જેમાં પથ્થરની વર્તૂળાકારે બનાવેલી પટ્ટી ઉપર સૂર્યદેવની ૧૨ તસ્વીર અંકિત કરવામાં આવી છે. કેન્દ્રમાં સૂર્યના પિતા કશ્યપની છબિ છે. આપણા વેદો-પુરાણોમાં સૂર્યની સંખ્યા ૧૨ની બતાવવામાં આવે છે. જે અદિતિ અને કશ્યપના પુત્રો છે. આ મંદિર સૂર્યના ૧૨ રૂપ દર્શાવતું હોવાને કારણે વિશિષ્ટ મહત્વ ધરાવે છે.

(૫) સૂર્યનારાયણ સ્વામી મંદિર :

સાતમી સદીના કલિંગના શાસક રાજા દ્વારા નિર્મિત આમંદિર આંધ્રપ્રદેશના અરસાવલીમાં આવેલું છે. એમાં કાળા ગ્રેનાઈટમાંથી બનાવવામાં આવેલ સૂર્યની મૂર્તિ પાંચ ફૂટ ઊંચી છે. જેને પદ્મપાણિ કહેવામાં આવે છે. આ મૂર્તિના હાથમાં કમળના ફૂલોનો ગુલદસ્તો બનાવવામાં આવ્યો છે. જે પ્રેમ અને શાંતિના પ્રતીક મનાય છે. વળી સૂર્યની આ મૂર્તિની આસપાસ 'ઉષા' અને 'છાયા'ને પણ બતાવવામાં આવી છે. જે નિરંતરતાનું પ્રતીક માનવામાં આવે છે. આંધ્રમાં આ મંદિરનું મહત્વ ખૂબ જ છે.

(૬) મોઢેરાનું સૂર્યમંદિર :

ગુજરાતના મહેસાણા જિલ્લામાં મોઢેરા સ્થિત આ સૂર્યમંદિર ગુજરાતના ગૌરવસમું એકમાત્ર સૂર્યમંદિર છે. જેનું નિર્માણ આશરે ઈ.સ. ૧૦૨૬માં ગુજરાતના રાજા ભીમદેવ સોલંકી (પહેલા)એ કર્યું હતું. કોણાર્કના સૂર્યમંદિરની જેમ અહીંયા પણ સૂર્યનું પહેલું કિરણ સૂર્યની મૂર્તિ પર પડે એવી રીતે મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ મુસ્લિમ રાજાઓના આક્રમણથી આ મંદિરને ખુબ જ નુકસાન થયું છે. હાલ આ મંદિર ખૂબ જ ખંડિત હાલતમાં છે. છતાંય એની શિલ્પકલા અને સ્થાપત્ય આજે પણ અદ્‌ભુત અને આકર્ષક લાગે છે. આ મંદિરમાં ઈરાની શિલ્પકલાના ઉત્તમ નમૂના જોવા મળે છે. મંદિરની સામે એક વિશાળ સરોવર બનાવવામાં આવ્યું છે. જેના પગથિયા અને નાના-મોટા દેવળોથી એની શોભા અદ્‌ભુત લાગે છે. આજે રાષ્ટ્રીય કક્ષાના નૃત્ય સમારોહ આ મોઢેરાના સૂર્યમંદિરના પટાંગણમાં યોજવામાં આવે છે.

(૭) બ્રાહ્મણ દેવ મંદિર :

મધ્યપ્રદેશના ઝાંસીની પાસે આવેલું ઉન્નાવ સ્થિત આ મંદિર શ્રદ્ધા અને અંધશ્રદ્ધાથી ઘેરાયેલું છે. અહીં એવી માન્યતા છે કે અહીં આવનારની અંધતા-કુષ્ટતા તથા અન્ય ચામડીના રોગોમાંથી મુક્તિ મળે છે. અહીં સૂર્યની પ્રતિમાને વિશાળ ચબૂતરા પર રાખવામાં આવી છે. જેમાં ૨૧ ત્રિભૂજ સૂર્યની ૨૧ કલાઓને દર્શાવવામાં આવી છે. વળી મૂર્તિને પીતળના આવરણથી ઢાંકવામાં આવી છે.

(૮) જંતરમંતર :

સૂર્ય વિજ્ઞાન પર આધારિત આ મંદિર દેશના બધા સૂર્ય મંદિરોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જયપુરના મહારાજા સવાઈ જયસિંહે ઈ.સ. ૧૭૨૬માં આ મંદિરનું નિર્માણ કર્યું હતું. અહીંયા સૂર્યના કિરણો દ્વારા પૂર્ણ રીતે જ્યોતિષ વિદ્યાને જોડી દઈને આખો વૈજ્ઞાનિક અભિગમ પ્રસ્તુત કર્યો છે. સૂર્યની દક્ષિણાયન અને ઉત્તરાયનની સ્થિતિ કેવી રહે છે એનું જ્ઞાન વૈજ્ઞાનિક પદ્ધતિથી પથ્થરો પર અંકિત કરીને આપવામાં આવ્યું છે. અહીંયા એ પણ જોવા મળે છે કે આખા વર્ષમાં સૂર્યની સ્થિતિ ક્યારે ક્યાં અને કેવી હશે? વળી અહીંયા સૂર્યની મોટી ઘડિયાળ બનાવવામાં આવી છે. જેની ઉપર જ્યારે સૂર્ય પ્રકાશ પડે ત્યારે એ ચાલે છે. જેનાથી આપણે કલાક, મિનિટ અને સેકન્ડની માહિતી લઈ શકીએ છીએ. સમયની ગણના, ગ્રહોની ગતિ અને ગ્રહણ... આદિ બધા વિશેનું જ્ઞાન આ જંતરમંતર મંદિરથી મળી રહે છે.

રાજા સવાઈ માનસિંહે આ પ્રકારની વેદશાળાઓ દિલ્હી, ઉજ્જૈન અને વારાસણી-મથુરામાં પણ બંધાવી હતી!

નૂતન મનના નિર્માણ માટે સ્વચ્છતાના અવરોધક બળોને જાણી સાફ કરવા પ્રયત્નો કરવા પડે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

શ્રદ્ધા વાં લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ મચિરેણા વિ ગચ્છતિ ॥

જિતેન્દ્રિય, સાધનાપરાયણ અને શ્રદ્ધાવાન માણસો જ જ્ઞાનને પામી જાય છે. જ્ઞાનને પામીને એ વિના વિલંબે, તત્કાલ ભગવત્પ્રાપ્તિરૂપ પરમ શાંતિને પ્રાપ્ત કરે છે.

- શ્રીમદ્ ભગવત ગીતા - ૪.૩૯

ગીતા તો ગહન - ગૂઢ તથા માર્મિક વચનો ધરાવતો ગ્રંથ છે. તેને પુરી રીતે સમજવા માટે ઊંડાણપૂર્વક વિચારણા કરવી પડે. શ્રદ્ધાવાન માનવી જ્ઞાનને પામે છે તેમ જે કહેવાયું તેનો શો આશય હશે? કારણ વ્યક્તિમાત્ર શ્રદ્ધાળુ તો હોય જ. પછી ભલે તેની શ્રદ્ધા અન્ય વ્યક્તિ, સ્થાન કે સ્થળ પરત્વે હોય. શ્રદ્ધા વિનાનું જીવન શક્ય જ નથી તો પછી દરેક વ્યક્તિ જ્ઞાની હોવી જોઇએ. પરંતુ વાસ્તવિકમાં આવું જણાતું નથી. ભગવાને તો આપણને ઘણી બધી સંભાવનાઓ આપી છે. જન્મ વખતે જે મળેલ છે તેને જીવન દરમિયાન સવાયું કરવું કે વેડફી નાખવું તે આપણા હાથની વાત છે. જન્મ સમયે પ્રાપ્યને વધારી પ્રભુના ચરણમાં ધરવું તેમાં જ જીવનની સાર્થકતા છે. આપણું આ મન તો દર્પણ સમાન છે. તેમાં સારાં તથા ખરાબ બંને પ્રકારના પ્રતિબિંબ પડે છે. મનને એવું દર્પણ બનાવવું જોઇએ જેમાં માત્ર સત્ય તથા ઉચ્ચ વિચારોનું જ પ્રતિબિંબ ઝીલાય. પણ આ માટે તો મનની સફાઇ કરવી જોઇએ. મનના પડદા પર ખડકાયેલ કચરાનો નિકાલ પ્રથમ કરવો પડે. તેથી સૌ પ્રથમ તો આ કચરાનું સ્વરૂપ ઓળખવું પડે. નૂતન મનના નિર્માણ માટે સ્વચ્છતાના અવરોધક બળોને જાણી સાફ કરવા પ્રયત્નો કરવા પડે. આપણા ધર્મગુરુઓ આ અવરોધો બળોને 'ષડરિયુ'ના નામે પરંપરાથી ઓળખાવતા રહ્યા છે. આ અવરોધોના મૂળ ઘણાં ઊંડા હોય છે. તેમાંય કામ - ક્રોધ તથા લોભ તો વધારે ઊંડાણ ધરાવે છે. જરા વિચાર કરીએ તો આ કરતાં પણ વધારે ઊંડું મૂળ અહંકાર ધરાવે છે. કાનના ઊંડાણ સુધી ઘરબાયેલા આ અહંકારને ખોદી કાઢવાનું કામ આસાન નથી. કારણ અહંકાર નિત નવા નવા રૂપો ધારણ કરે છે. આપણે જ્ઞાની છીએ. સાધક છીએ, સમજદાર છીએ તેવું તે આપણા મનમાં ઠસાવી દે છે. આપણે ઘણું જાળીએ છીએ તેવો ભાવ પેદા થાય છે તેથી આપણે જે નથી તે હોવાનો દંભ કરવા ભાગીએ છીએ.

કેન ઉપનિષદમાં જણાવ્યું છે કે 'જે કહે, પોતે બધું જાણે તે કશું જાણતો નથી અને જે કહે હું કશું જાણતો નથી તો બધું જાણે છે.' આપણે ઘણું જાણવાનો ડોળ કરવામાં અજ્ઞાની રહી છીએ. મનમાં પડેલાં આ ભાવને દૂર કરવો મુશ્કેલ છે. કારણ ઘણી વખત આપણે તેને જ સાચો માર્ગ માની લઇએ છીએ.

પરમના માર્ગ પરની આપણી પ્રગતિનું એક વધારાનું અવરોધક બળ તે આપણા જ્ઞાનનું અભિમાન છે. શિવસૂત્રોમાં જ્ઞાનને ભાર (જ્ઞાન ભારં) કહે છે. પોતે કશુંક જાણે છે તેમ જ્યારે માનવી માનવા લાગે ત્યારે તેની પ્રગતિ રૂંધાય જાય છે. પ્રગતિના માર્ગ પર ગતિ કરનારે તો નિત્ય નવા નવા જ્ઞાન માટે જાગૃત રહેવું જોઇએ. જ્ઞાન તો અગાધ - મહાસાગર સમાન છે ન્યુટન જેવો વૈજ્ઞાનિક પોતાની જાતને જ્ઞાન સાગરના કાંઠા પર છબછબીયા કરે છે તેમ માને છે. સોક્રેટિસ પોતાના જીવનની અંતિમ ક્ષણે પોતાને અજ્ઞાની કહે છે. આવા મહાન માણસોના વિચારના સંદર્ભમાં આપણે શું જાણીએ છીએ? જવાબમાં કંઇ નક્કર વાત નહિ મળે. આપણે તો આપણા આ શરીર માટે પણ કશું જાણતા નથી. જો આપણે પોતાના દેહની રચનાઓ કોઇ ખ્યાલ આપણે નથી તો પછી બેની રચનામાં કરનાર પરમ તત્ત્વ વિષયક નો શો ખ્યાલ હોય? આપણી પાસે તો માત્ર માહિતી જ હોય છે. છતાં ઘણાં માણસો પોતે ઇશ્વરને પ્રાપ્ત કરવાનો માર્ગ જાણે છે. તેવો દાવો કરે છે આટલું બસ નથી એ લોકો તો પોતાનો દાવો જ સત્ય છે અને અન્ય તમામ દાવેદાર જૂઠા છે. તેવો હઠાગ્રહ પણ સેવતા હોય છે. પરંતુ આવા દાવાઓની ચકાસણી કરવામાં આવે તો તેમાં સત્યનું પ્રમાણ અતિ અલ્પ હોય છે. માત્ર કલ્પનાઓ તથા અવાસ્તવિક અનુમાનો પર જ વાતો ચલાવવામાં આવે છે. તેઓના માર્ગ સાચો છે તેવો ભ્રમ તૂટે ત્યારે જ તેઓ જ્ઞાનનો માર્ગ મેળવે.

ઇશ-ઉપનિષદ પ્રમાણે 'સત્યનું મુખ સુવર્ણના ઢાંકણા વડે ઢંકાયેલું છે.' આપણા મોટા ભાગના કહેવાતા ગુરૂઓએ શાસ્ત્ર-વચનો ગોખી નાખ્યાં હોય છે. પણ ગ્રંથો વાંચવાથી મોઢે કરવાથી જ્ઞાની નથી થઇ જવાતું. સાંઇ મકરંદ કહે છે. 'ધૂળીયા માર્ગે ચાલ' તો સૂફી સંત મનસૂર ગ્રંથોને પાણીમાં નાખવાની વાત કરે છે. મતલબ અન્યના ઉચ્ચારેલા વચનોથી જ્ઞાનને ન પમાય. તેનાથી તો ભ્રમ જ પેદા થાય અને આવા ભ્રમોના કારણે જ સમાજમાં વિવિધ ધાર્મિક સંપ્રદાયો ફૂટતા જ જાય છે. જ્ઞાન તો સમાજને જોડવાનું કામ કરે. એકતા ઊભી કરે ત્યારે સંપ્રદાયો સમાજને તોડવાનું કામ કરે છે. સંપ્રદાયો ઊભા થવા પાછળનું અંક કારણ આપણએ શાસ્ત્રીય - ગ્રંથોમાંથી માત્ર શબ્દોને જ પકડીએ છીએ. જેમાં જ્ઞાન વ્યક્ત થયું છે. તેવા શબ્દોને જ આપણે આપણી સ્મૃતિમાં સંગૃહિત કરીએ છીએ. સ્મૃતિનું કાર્ય તો યંત્ર સમાન છે. તમે જે વાંચો છો તે તેમાં નોંધાઇ જાય છે. ઇતિહાસ હોય કે ઉપનિષદ, સ્મૃતિ માત્ર શબ્દો નોંધે છે. એ શબ્દો પાછળ રહેલી સત્યની અનુભૂતિ તો એ શબ્દ પ્રથમ ઉચ્ચારનારને થઇ જશે. શબ્દો વાંચતા તેવી કોઇ અનુભૂતિ વાચકને કે શ્રોતાને થાય તો શક્ય નથી દેહ તથા આત્મા વિષયક અનેક ચાટુક્તિઓ સમાજમાં પ્રચલિત છે અને તેના ઉચ્ચારણો વખતે આપણને કંઇ સંવેદના જાગતી નથી. 'હું પંચમહાભૂત' નું પૂતળું નથી. તેવું વારંવાર બોલનાર નાનકડા ઉઝરડાથી પણ અકળાઇ જાય છે.

વારંવાર માત્ર મૌખિક રટણના કારણે ક્યારેક એ શબ્દોના કર્તા આપણે જ છીએ તેવું મન માનવા લાગે છે. આના કારણે શાસ્ત્રીય શબ્દોના વિચિત્ર અર્થઘટનો કરવામાં આવે છે ને પરિણામે અસત્યનો પ્રચાર થાય છે.

ઉપરોક્ત શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ વ્યક્તિ જ્ઞાનને પામે છે તેમ કહે છે. જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમ નહિ. મહાન વ્યક્તિઓના આંતર મનમાં જ્ઞાનની જે જ્યોતિ પ્રગટી તેને તેઓએ વાણી દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ જ્ઞાનને વ્યક્ત કરવા વાણી પાછી પડે છે. જે કંઇ કહેવાનું છે તે તો શબ્દ પાછળના સત્યનો ઇશારો હોય છે. એ ઇસારો સમજ્યા વિના માત્ર શબ્દને જ પકડીએ તો માત્ર છાલા કાંકરા જ હાથમાં આવે. કારણ શબ્દોની શક્તિ પણ સીમિત હોય છે વળી જ્ઞાન એ તો વ્યક્તિગત અનુભવની બાબત છે. તે કોઇને આપી ન શકાય. જ્ઞાનની વહેંચણી ન થાય. શાસ્ત્રીય ગ્રંથોમાં વક્તાઓ, કથાકારો કે પ્રવચનકારો આપણને માહિતી આપી શકે. વક્તા સત્ય અનુભૂતિ જ ધરાવતા હોય તો પણ દરેક શ્રોતા તેનો તેવો જ ભાવ અનુભવશે તેમ હોતું નથી. જ્ઞાન જ્યોતિ મનમાં પ્રગટે ને જેમ સૂર્યોદય થતાં ચારે બાજુ પ્રકાશ પથરાઇ જાય છે. તેમ વ્યક્તિના જીવનમાં દરેક સ્તરે જ્ઞાનનો પ્રકાશ પથરાય જાય. જ્ઞાન - પ્રાપ્તિ માટે પ્રથમ તો પરમ-તત્ત્વ પરત્વે અપાર શ્રદ્ધા હોવી જોઇએ. વિભાજીત શ્રદ્ધા ભારે વિકટ સ્થિતિ સર્જે છે. પૂ. મોરારિ બાપુ પોતાનો અનુભવ નોંધે છે. અમેરિકામાં એક સંસ્થામાં ગયા ત્યાં પ્રવચન પછી ત્યાંના શ્રોતા કહે. અમો ગીતામાં માનીએ છીએ. કૃષ્ણમાં માનતા નથી. ગીતાના શબ્દો પર શ્રદ્ધા ખરી એ શબ્દોના વક્તા પરત્વે નહીં.'

શ્લોકના અન્ય વિભાગમાં જ્ઞાન-પ્રાપ્તિના ફળનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. આ કસોટીનો પથ્થર છે. જ્ઞાન થયું છે તેમ કેમ જાણી શકાય તો સહજ જવાબ છે જ્ઞાનીમાં અમુક ગુણોનું પ્રાગટ્ય થાય, કસણા મુદિતા અને સહજ સમાનતાના ભાવો તેના જીવનમાં વણાઇ જાય. તેનું ચંચળ મન સ્થિરતા પામે. સ્થિર થયેલું મન શાંતિ - અનુભવો અને આ શાંતિમાં જ ભગવાનની પ્રાપ્તિનો પરમ આનંદ પ્રાપ્ત થાય. એ જીવન મુક્તિ બને. સંસારના રાગ-દ્વેશ તેને જ સ્પર્શે... ઊચ્ચ કોટીના સાધક માટે એ પરમ લક્ષ મનાય.

બોરસલીની છાલના ઉકાળામાં પીપર, મધ, ઘી નાખીને કોગળા કરવાથી દાંતના દુખાવામાં રાહત થાય છે

જ્યારે આયુર્વેદની વાત આવે ત્યારે સ્વાભાવિક જ જૂના - હઠીલા રોગોના ઇલાજ સ્વરૂપની જ યાદ આવે. જુનો વા - સાંધાના દુખાવા - જૂની સળેખમ - ચામડીના રોગો આદિથી પીડાતા રોગીઓએ આયુર્વેદ ઓષધોનો ઉપયોગ કરેલ જ હશે. આયુર્વેદની અમુક એવી બ્રાન્ય પણ છે કે જેનો વ્યવહારિક ઉપયોગ થોડો ઓછો થાય છે.

પરંતુ આ બધી બ્રાન્યની ઉપયોગીતા ખૂબ જ છે. એક એવી જ બ્રાન્ય એટલે દંતચિકિત્સા (ડેન્ટલ.)

આયુર્વેદમાં દંત ચિકિત્સા વિષે ખૂબ વિષદ અને સચોટ વર્ણન છે. દાંત તથા પેઢાના વિવિધ રોગો, આ રોગો થવા પાછળના કારણો તેમજ તેના નિદાન અને ચિકિત્સા સંબંધી અનેક વિચારો પ્રગટ થયેલા છે. આમ જોઇએ તો આપણા વ્યવહારમાં વપરાતાં દાંતણ (હવે ફરી દાંતણ કરવાની ફેશન શરૂ થઇ છે.... સારું છે.) આયુર્વેદની જ પરિકલ્પના છે. વિવિધ ઔષધોની શાખાઓને ઘોઇને કરવામાં આવતા દાંતણ અંગેનું વર્ણન આયુર્વેદમાં છે. (દાંતણ બાર આંગળ લાંબુ અને અંગૂઠઆ જેટલી જાડાઇનું હોવું જોઇએ.) આ ઉપરાંત વિવિધ પ્રકારના દંતમંજનો આદિનો પણ ઉલ્લેખ છે.

દાંતના રોગોનું ઔષધ - બોરસલી નિરામય

ડૉ. કેદાર ઉપાધ્યાય

દાંતના વિવિધ રોગોમાં ઉપયોગમાં લેવાતા તેમજ દાંત મજબૂત રહે અને કોઇ રોગ ન થાય - તે માટે રોજીંદા વપરાશ કરવા લાયક ઔષધો પૈકી એક મુખ્ય ઔષધ એટલે બોરસલી. બોરસલીને સંસ